# ગૂજરાત વિદ્યાપીઠ

## અમદાવાદ




# પ્રવેશ માર્ગદર્શિકા – ૨૦૨૬

# Admission - 2026

(ઓનલાઇન અરજીપત્ર ભરવા માટે માહિતી અને સામાન્ય સૂચનાઓ)

# પ્રતીક

ગૂજરાત વિદ્યાપીઠનું પ્રતીક એક ખીલેલું કમળનું ફૂલ છે. તેમાં દેવનાગરી લિપિમાં લખેલું છે **"सा विद्या या विमुक्तये"** એટલે કે જ્ઞાન એ છે જે (આપણને) મુક્ત કરે છે. અરબીમાં લખેલું છે "અલ હિકમતો ઝાલ્લતૂલ મોમિને ફહૈસો વજદહા અહક્કો બેહા." એટલે તમામ જ્ઞાનને આપણી ગુમ થયેલી વસ્તુ ગણીને વગર સંકોચે તે લેવું.

આ પ્રતીકમાં એક વડનું વૃક્ષ છે જે વૃદ્ધિ દર્શાવે છે. ત્યાં ચંદ્ર પણ છે જે સૌંદર્ય, શાંતિ અને વિકાસનું પ્રતીક છે. કમળ બિન-આસક્તિ, પવિત્ર ભાવના દર્શાવે છે. વર્તુળમાં બંને બાજુના દીવા જ્ઞાનનું પ્રતીક છે.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના સ્વતંત્રતા સંબંધિત કેળવણી માટે કરવામાં આવી હતી. રાજકીય સ્વતંત્રતાનો હેતુ કામચલાઉ હતો પરંતુ આત્મમુક્તિ અને જ્ઞાન માટેની નિષ્ઠા એ આપણા કાયમી આદર્શો છે. આ ભક્તિ કમળની અનાસક્તિની ભાવના સાથે વટવૃક્ષ અને ચંદ્રની જેમ વધતી રહેવી જોઈએ.

અસ્વીકરણ (Disclaimer) :

ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમો માટે નોંધણી કરાવનાર ઉમેદવારોને સુવિધા હેતુ, સંસ્થાએ આ પ્રવેશ માર્ગદર્શિકા યુ.જી.સી.ના અધ્યાદેશો અને ગૂજરાત વિદ્યાપીઠના નિયમોને આધીન સંકલિત કરી છે. આ પ્રવેશ માર્ગદર્શિકા તૈયાર કરવા માટે મહત્તમ કાળજી લેવામાં આવી છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં યુ.જી.સી.ના અધ્યાદેશો અને ગૂજરાત વિદ્યાપીઠના નિયમોને આખરી માનવામાં આવશે.

**- કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ.**

# ગૂજરાત વિદ્યાપીઠ

(ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)

(મહાત્મા ગાંધીજી દ્વારા 1920માં સ્થાપિત)



ગાંધીજીએ 1920માં અસહકારનું દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલનના એક ભાગ રૂપે એમણે અંગ્રેજી શાળા-કૉલેજોના બહિષ્કારને વિશેષ સ્થાન આપ્યું હતું. એમને તો અહિંસક સંઘર્ષની સાથે દેશની નવરચના પણ કરવી હતી. એટલે ગાંધીજીએ એકાદશ વ્રતોની જેમ રચનાત્મક કાર્યક્રમો પણ આપ્યા. આ કાર્યક્રમોમાં રાષ્ટ્રીય શિક્ષણ મહત્ત્વપૂર્ણ બની રહ્યું. ગાંધીજીએ અંગ્રેજી શિક્ષણના બહિષ્કારની હાકલની સાથે રાષ્ટ્રીય વિદ્યાપીઠના નિર્માણ સારુ હકારાત્મક વાતાવરણ ખડું કર્યું. પરિણામે, ઈ.સ 1920માં ગાંધીજીના હસ્તે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. ગાંધીજી કેળવણી થકી જનજાગ્રતિ અને નવસર્જન ઇચ્છતા હતા. તેમણે ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન ગુજરાત મહાવિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રવચનમાં કહ્યું હતું કે, 'મેં તો કેવળ મંત્ર આપ્યો છે. એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે.' એક શતાબ્દીનો ગૌરવશાળી ઇતિહાસ ધરાવનાર ગૂજરાત વિદ્યાપીઠ આજેય અડીખમ રહીને ગાંધીવિચાર આધારિત કેળવણી આપે છે. ત્રણ એચ - હેડ, હેન્ડ, અને હાર્ટ - મસ્તક, હાથ, અને હૈયા - ના વિકાસ થકી વિદ્યાર્થીઓની સર્વાંગી કેળવણી કરે છે.

ગૂજરાત વિદ્યાપીઠને UGC (યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન) દ્વારા 1963થી ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆત રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરીકે કરવામાં આવી હતી. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય મહાત્મા ગાંધીજી દ્વારા આપવામાં આવેલા આદર્શો અનુસાર દેશના નવસર્જન સાથે જોડાયેલી પહેલ માટે ચારિત્રવાન, ઊર્જાવાન અને રાષ્ટ્રને સમર્પિત કાર્યકરોને તૈયાર કરવાનો છે.

તદનુસાર, ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલીમાં સામુદાયિક કાર્ય, છાત્રાલય જીવન, સમાજસેવા, સમૂહજીવન, ઉપાસના, સાદગીપૂર્ણ અને સ્વાવલંબી જીવન, કાર્યાનુભવ અને ક્ષેત્રકાર્ય, શ્રમ અને સફાઈ, કાંતણ અને ઉદ્યોગ-કાર્યમાં સહભાગિતાનો સમાવેશ થાય છે. શિક્ષણના કાર્યક્રમને ગ્રામીણ ઉત્થાનની રાષ્ટ્રીય જરૂરિયાતો સાથે જોડવામાં આવ્યો છે, જેથી સમાજના પાયાનાં સ્તરો સુધી શિક્ષણને પ્રોત્સાહન મળે. ગૂજરાત વિદ્યાપીઠની નિસબત એ છે કે શિક્ષણનાં તમામ પાસાંમાં ગાંધીવિચાર અને મૂલ્યોને વિકસાવવા માટે શિક્ષણનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રયોગો હાથ ધરવા.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી તરીકે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, મોરારજી દેસાઈ, રામલાલ પરીખ, ડૉ. સુશીલા નૈયર, નવીનચંદ્ર બારોટ, નવલભાઈ શાહ, રવીન્દ્ર વર્મા, નારાયણ દેસાઈ, ઇલા ભટ્ટ કાર્યરત હતાં. હાલમાં, આચાર્ય દેવવ્રતજી કુલાધિપતિશ્રી તરીકે કાર્યરત છે.

# ધ્યેયો

1. વિદ્યાપીઠનું મુખ્ય કામ મહાત્મા ગાંધીજીએ આપેલા આદર્શો પ્રમાણે દેશનું નવઘડતર કરવાને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિ-સંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

2. વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.

3. વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તેણે માન્ય કરેલી સંસ્થાઓના સંચાલકો અને શિક્ષકો અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે અને કોઈપણ બાળક કે બાળાને અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં નહિ આવે.

4. વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે.

5. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ દેવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.

   સમજૂતી : બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષાને વાપરવામાં બાધ નહિ ગણાય.

6. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.

   નોંધ : હિંદી-હિંદુસ્તાની એ ભાષા કે જે ઉત્તરમાં સામાન્ય હિંદુ-મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.

7. વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણના જેટલું જ મહત્ત્વ આપવામાં આવશે અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે, તેને સ્થાન આપવામાં આવશે, બીજાને નહિ.

8. ભારતવર્ષનો ઉત્કર્ષ, શહેરો ઉપર નહિ પણ ગામડાંઓ ઉપર અવલંબે છે, તેથી વિદ્યાપીઠના મોટા ભાગના દ્રવ્યનો અને વિદ્યાપીઠના શિક્ષકોનો મુખ્ય ઉપયોગ ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.

9. કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.

10. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિષે સંપૂર્ણ આદર હશે, અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન, અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે.

11. પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

# કુલપતિની કલમે

વહાલા મિત્રો,

અંગ્રેજી શાસનમાંથી સ્વતંત્રતા મેળવવાની ચળવળના ભાગરૂપે 1920માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠમાં તમને આવકારતાં હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાની અમૂલ્ય ક્ષણે મહાત્મા ગાંધીજીએ આ કાર્યની તુલના "ઋષિકાર્ય" (એક પવિત્ર કાર્ય) સાથે કરી હતી. આના પરથી સ્પષ્ટ થાય છે કે, મહાત્મા 'માતૃભૂમિની સેવાને પવિત્ર કાર્ય તરીકે' વિચારતા હતા. તે ક્ષણે જે સંકલ્પ અને ઉદ્દેશ્યોની કલ્પના કરવામાં આવી હતી તે પણ 'રાષ્ટ્રવાદની ભાવનામાં રાષ્ટ્રની સેવા'ની નેમને ગુંજવે છે. તેના ઉદ્દેશ્યમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, ગૂજરાત વિદ્યાપીઠ યુવાનોને આત્મસન્માન સાથે સશક્ત બનાવવા અને દેશ અને સમાજસેવા માટે પ્રતિબદ્ધ બનાવવા માટે કાર્યરત રહેશે. તેના 105 વર્ષના ગૌરવવંતા ઇતિહાસમાં, ગૂજરાત વિદ્યાપીઠે તેના પાયામાં મહાત્મા ગાંધીજી દ્વારા સૂચિત હેતુ અને ઉદ્દેશ્યોનું સારી રીતે પાલન કર્યું છે.

સાદગીપૂર્ણ જીવન અને ઉચ્ચ વિચારસરણીના ગાંધીવાદી મૂલ્યોના પાલન ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠમાં કેળવણીમાં ખાસ કરીને ચારિત્ર-નિર્માણ અને યુવાનોના સર્વાંગી વિકાસનાં પાસાંને પ્રાધાન્ય આપવામાં આવે છે કે, જેથી વિદ્યાર્થીઓ સ્નાતક થયા પછી રોજગાર-નિર્માણની દિશામાં પોતાનો સ્વતંત્ર રોજગાર વિકસાવવા સક્ષમ બની શકે છે. ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓમાં પ્રતિબદ્ધતા, સમાજસેવાની ભાવના અને સમગ્ર પર્યાવરણની જાળવણી અને સંવર્ધનના ગુણો વિકસાવવાની પણ કાળજી લે છે. મૂળભૂત રીતે, ઉચ્ચ શિક્ષણ સમાજની સુખાકારી, જ્ઞાનનિર્માણ અને પ્રવર્તમાન જ્ઞાન-પ્રણાલીની જાળવણીને અસર કરતા મુદ્દાઓને સંબોધે છે. ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીને સમાજ અને માતૃભૂમિ પ્રત્યેની તેમની જવાબદારીઓ પ્રત્યે જાગૃત બનાવવા માટે તમામ કાળજી લે છે. ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના, સામાજિક જોડાણ શિબિરો, ઉદ્યોગ જોડાણ જેવી પ્રવૃત્તિઓમાં સામેલ કરી સમયની માંગ અનુરૂપ યોગ્ય બનાવવા, વિકસાવવા કવાયત કરે છે.

વિદ્યાપીઠનું હરિયાળું પરિસર શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી સભર અને ગતિશીલ રહે છે જે વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો, વિદ્વાન શિક્ષકો અને પ્રતિબદ્ધ સેવકો સાથે જોડાયેલા રાખે છે. અમે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અનુસાર નિયમિત ધોરણે વર્ગખંડમાં શિક્ષણ, સ્વાધ્યાય, વિસ્તરણ અને સંશોધન કાર્ય પર ભાર આપીએ છીએ.

ગૂજરાત વિદ્યાપીઠમાં વિવિધ સ્નાતક, સ્નાતકોત્તર અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચાલે છે. જ્યાં વિદ્યાર્થીને બહુશાખીય, મૂલ્યવર્ધિત અને કૌશલ્યવર્ધન અભ્યાસક્રમોની વિશાળ શ્રેણીમાંથી વિવિધ પસંદગી મળે છે.

ઘરેણારૂપ ગ્રંથાલય, પ્રકાશન પ્રવૃત્તિ, સંગ્રહાલયો, પુરાતત્ત્વ મંદિર, ભાષા સંસ્કૃતિ મંદિર, સંવિધાન મદિર, કલા મંદિર તથા અસ્મિતા મંદિર વિદ્યાર્થીઓને બૌદ્ધિક ક્ષિતિજના વિસ્તરણ માટે તક પ્રદાન કરે છે. વળી, શિરમોર સ્નાનાગાર, રમતગમત સંકુલ, સ્વાસ્થ્ય સુવિધા હેતુ આરોગ્ય કેન્દ્ર, સભાગૃહ અને મંડપમ્ સાંસ્કૃતિક અભિવ્યક્તિ માટે મંચ પ્રદાન કરે છે. જે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ, વ્યક્તિત્વ વિકાસની તક ઉપલબ્ધ કરાવે છે.

તારીખ : 12-03-2026 (દાંડીકૂચ સ્મૃતિ દિન)
સ્થળ : અમદાવાદ

ડૉ. હર્ષદ એ. પટેલ
કુલપતિ

# પ્રવેશ કાર્યક્રમ - 2026

પ્રવેશ પ્રક્રિયાની વિગતવાર અનુસૂચિ નીચે મુજબ હશે:

| પ્રવૃત્તિ | તારીખ, વાર અને સમય |
|---|---|
| ઓનલાઇન અરજીપત્ર ભરવાની શરૂઆત | 22.03.2026 (રવિવાર)થી |
| ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ | 08.05.2026 (શુક્રવાર) 2.00 PM સુધી |
| **સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ માટે** | |
| GEETA (Gujarat Vidyapith Eligibility and Efficacy Test for Admission) | 10.05.2026 (રવિવાર) 10.00 AM પરીક્ષા કેન્દ્ર પર હાજર થવાનો સમય |
| GEETAના પરિણામની જાહેરાત | 10.05.2026 (રવિવાર) 5.00 PM |
| યોગ્યતા યાદી | 11.05.2026 (સોમવાર) |
| પરામર્શન અને પ્રવેશ | 12.05.2026 મંગળવાર અને 13.05.2026 બુધવાર દરમિયાન |
| **પીએચ.ડી. અભ્યાસક્રમ માટે** | |
| જૂથચર્ચા અને રૂબરૂ મુલાકાત (GDPI) | 14.05.2026 (ગુરુવાર) |
| **તમામ અભ્યાસક્રમો માટે** | |
| ગુરુપૂર્ણિમા સત્ર શરૂ થવાની તારીખ | 01.07.2026 (બુધવાર) |

નોંધ : કેન્દ્ર કે રાજ્ય સરકાર કે તેના વિભાગોના જાહેરનામા કે પ્રતિકૂળ સંજોગોને આધીન સમયપત્રમાં ફેરફારને અવકાશ છે.

## અરજી પ્રક્રિયામાં અનુસરવાનાં પગલાં:

1. www.gujaratvidyapith.org એડમિશન પોર્ટલ પર તમારા મોબાઈલ નંબર સાથે તમારી નોંધણી કરો. અરજી કરવા માટેની લીંક https://gujaratvidyapith.org/admission/
2. અરજી ફોર્મમાં જરૂરી સંપૂર્ણ માહિતી ભરો.
3. અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટાની સ્કેન કરેલ / ડિજિટલ કોપી અને આધાર કાર્ડ અપલોડ કરવાના રહેશે.
4. અરજી ફોર્મ સબમિટ કરો.
5. ઓનલાઇન માધ્યમ દ્વારા પ્રવેશપ્રક્રિયા ફી ચૂકવો.
6. ભરેલ અરજી ફોર્મ તપાસો અને કન્ફર્મ બટન દબાવીને તેને જમા કરાવો.
7. અરજી નંબર તમારા રજિસ્ટર્ડ ઈમેઇલ આઈડીમાં આવશે.
8. તમે તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા લોગિન કરીને એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરી શકશો.

## અરજીપત્ર ભરવાનું શરૂ કરો તે પહેલાં તમારી પાસે હોવું જરૂરી છે

1. અરજદારનો મોબાઈલ નંબર અને ઈમેઇલ (Gmail) આઈડી
2. અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટાની સ્કેન કરેલ / ડિજિટલ કોપી
3. અરજદારનું આધારકાર્ડ
4. UGC- NET/CSIR-UGC NET પરીક્ષા ગુણપત્ર (પીએચ.ડી. માટે)

# પ્રવેશ માર્ગદર્શન

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ધોરણ બાર પછીના 8 સ્નાતક અભ્યાસક્રમ, 3 સ્નાતકોત્તર અભ્યાસક્રમ, 20 અનુસ્નાતક અભ્યાસક્રમ, 1 અનુસ્નાતક ડિપ્લોમા તેમજ 16 વિષયોમાં પીએચ.ડી. કાર્યક્રમ ચલાવવામાં આવે છે. તમામ અભ્યાસક્રમો નિયમિત (Regular- Face to Face) અભ્યાસક્રમો છે. ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણકાર્ય ગુજરાતી ભાષામાં થાય છે.

સામાન્યત: શૈક્ષણિક વિભાગનો સમય સવારના 10:30 થી સાંજના 6:00 સુધીનો રહેશે.

## અભ્યાસક્રમની વિગતો:

ગૂજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020) આધારિત વિવિધ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ 2026ના પ્રવેશ માટે બેઠકોની સંખ્યા અને જરૂરી લઘુત્તમ શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે :

### A. સ્નાતક (UG) અભ્યાસક્રમ (6 સેમેસ્ટર)

| | | |
|---|---|---|
| A1. | B.A. (ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર) | (કુલ બેઠક 90) |
| A2. | B.Sc. (માઇક્રોબાયોલોજી) | (કુલ બેઠક 30) |
| A3. | B.Com. (વાણિજ્ય) | (કુલ બેઠક 30) |
| A4. | B.R.S. (ગ્રામીણ આયોજન અને વિકાસ) | (કુલ બેઠક 30) |
| A5. | B.P.E.S. (શારીરિક શિક્ષણ અને રમતગમત) | (કુલ બેઠક 30) |

#### શૈક્ષણિક લાયકાત

- A1, A3, A4 અને A5માં પ્રવેશ માટે માન્ય બોર્ડમાંથી કોઈપણ પ્રવાહમાં ધોરણ-12 પાસ
- A2- B.Sc. માઇક્રોબાયોલોજી માટે ધોરણ 12માં વિજ્ઞાન પ્રવાહમાં ‘B’ ગ્રૂપ જરૂરી

### B. અનુસ્નાતક (PG) અભ્યાસક્રમ (4 સેમેસ્ટર) (વિષયદીઠ બેઠક 30)

| | |
|---|---|
| B1. | M.A. (ગુજરાતી, હિંદી, અંગ્રેજી) |
| B2 | M.A. (ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ગાંધી અધ્યયન, માનવ સંસાધન વ્યવસ્થાપન, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન) |
| B3. | M.Y.A.Sc. (યોગ) |
| B4. | M.S.W. (સમાજકાર્ય) |
| B5. | M.Lib.I.Sc. (ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન) |
| B6. | M.Com. (વાણિજ્ય) |
| B7. | M.Sc. (માઇક્રોબાયોલોજી, ફૂડ એન્ડ ન્યુટ્રિશન) |
| B8. | M.Sc.-IT (ઇન્ફોર્મેશન ટેકનોલોજી) |

#### શૈક્ષણિક લાયકાત

- B1 થી B5 માટે માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં સ્નાતક
- B6 થી B8 માટે માન્ય યુનિવર્સિટીમાંથી સંલગ્ન વિષયમાં સ્નાતક

## C. વ્યાવસાયિક (Professional) અભ્યાસક્રમ

### CA: સ્નાતક અભ્યાસક્રમ (6 સેમેસ્ટર)

CA1. B.C.A. (કુલ બેઠક 60)

**શૈક્ષણિક લાયકાત**

- B.C.A.માં પ્રવેશ માટે ધોરણ 10+2 કક્ષાએ ગણિત વિષય સાથે 40% જરૂરી છે.

### CB: સ્નાતકોત્તર અભ્યાસક્રમ (4 સેમેસ્ટર)

CB1. B.Ed. - ગુજરાતી માધ્યમ
(ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન વિષય પદ્ધતિ) (કુલ બેઠક 50)

CB2. B.Ed. - હિંદી માધ્યમ
(ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન વિષય પદ્ધતિ) (કુલ બેઠક 50)

CB3. B.P.Ed. (કુલ બેઠક 100)

**શૈક્ષણિક લાયકાત**

- CB1, CB2 અને CB3 પ્રવેશ માટે માન્ય યુનિવર્સિટીમાંથી સંલગ્ન વિષયમાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ 50% કે તેની સમકક્ષ ગ્રેડ સાથે પાસ

નોંધ- B.Ed. (ગુજરાતી) અને B.Ed. (હિન્દી)માં દ્વિતીય વિષય પદ્ધતિ પ્રવેશ મેળવ્યા બાદ તાલીમાર્થી જૂથ પૈકી પસંદ કરી શકશે.

### CC: અનુસ્નાતક અભ્યાસક્રમ (4 સેમેસ્ટર)

| | |
|---|---|
| CC1. M.Ed. | (કુલ બેઠક 50) |
| CC2. M.P.Ed. | (કુલ બેઠક 40) |
| CC3. M.B.A. (ગ્રામ વ્યવસ્થાપન) | (કુલ બેઠક 60) |
| CC4. M.C.A. | (કુલ બેઠક 60) |

**શૈક્ષણિક લાયકાત**

- CC1 પ્રવેશ માટે માન્ય યુનિવર્સિટીમાંથી B.Ed. પરીક્ષા 50 % કે તેની સમકક્ષ ગ્રેડ સાથે પાસ
- CC2 પ્રવેશ માટે માન્ય યુનિવર્સિટીમાંથી B.P.Ed. પરીક્ષા 50 % કે તેની સમકક્ષ ગ્રેડ સાથે પાસ
- CC3, CC4 માટે માન્ય યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં સ્નાતક 50 % કે તેની સમકક્ષ ગ્રેડના પરિણામ સાથે

નોંધ- CC4માં પ્રવેશ માટે ધોરણ 12 કે સ્નાતક કક્ષાએ ગણિત વિષય હોવો જરૂરી

## D. અનુસ્નાતક ડિપ્લોમા (P. G. Diploma) અભ્યાસક્રમ (2 સેમેસ્ટર)

D1. P.G. Diploma (Generative AI and Prompt Engineering) (કુલ બેઠક 20)

**શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિવર્સિટીમાંથી B.C.A./M.C.A./M.Sc.(IT)/B.E.(Com. Eng.)/B.Sc (Maths, Computer, IT) પૈકી ઉત્તીર્ણ

## E. પીએચ.ડી. અભ્યાસક્રમ (6 સેમેસ્ટર)

E1. Ph.D.: (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ગાંધીવિચાર, સમાજકાર્ય, શિક્ષણશાસ્ત્ર, શારીરિક શિક્ષણ, યોગવિદ્યા, માઇક્રોબાયોલોજી, કમ્પ્યૂટર વિજ્ઞાન, પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, ગ્રામ વ્યવસ્થાપન) (કુલ બેઠક 66)

**શૈક્ષણિક લાયકાત :** UGC- NET/CSIR-UGC NET in Categories:

(1) JRF OR (2) Assistant Professor without JRF (1 Year Validity) OR (3) Ph.D. (1 Year Validity)

* નોંધ: કેન્દ્ર સરકારના નિયમ અનુસાર SC/ST/OBC/EWS/PWD ઉમેદવારો માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાતમાં 5%ની છૂટછાટ રહેશે. જરૂર જણાય તો વિષય દીઠ બેઠકમાં ફેરફાર થઇ શકે છે.

## પ્રવેશ પ્રક્રિયા ફી : રૂ. 600/- (નૉન-રિફંડેબલ)

### પ્રવેશ પદ્ધતિ (સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ માટે)

- ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવાતી CUET (UG)-2026 કે CUET (PG)-2026 અથવા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાતી ગૂજરાત વિદ્યાપીઠ એલિજિબિલિટી એન્ડ એફિકસી ટેસ્ટ ફોર એડમિશન (GEETA) પૈકી કોઈ એક પ્રવેશ પરીક્ષા આપેલી હોવી જરૂરી છે.
- પ્રવેશ પરીક્ષા OMR આધારિત પ્રકારની રહેશે.
- ઉમેદવારે પસંદ કરેલ કેન્દ્ર પર પ્રવેશ પરીક્ષા માટે સ્વ-ખર્ચે રૂબરૂ ઉપસ્થિત રહેવું.
- પ્રવેશ પરીક્ષા ગુજરાતી, હિંદી, અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવશે.
- પ્રવેશ પરીક્ષા(GEETA)માં પ્રશ્ન-સંખ્યા 60 અને જેના માટેનો સમયગાળો 90 મિનિટનો રહેશે.

### પ્રવેશ કસોટી (GEETA) નું માળખું (UG/ PG/ PG Diploma અભ્યાસક્રમ માટે)

| ક્રમ | વિષયવસ્તુ | ગુણ ભારાંક |
|---|---|---|
| 1 | સામાન્ય જ્ઞાન અને વર્તમાન બાબતો | 10 |
| 2 | સંખ્યાત્મકતા, તર્ક અને સામ્યતા | 10 |
| 3 | મૂળભૂત ભાષા (ગુજરાતી, હિંદી, અંગ્રેજી) | 10 |
| 4 | માહિતી અને પ્રત્યાયન(સંચાર) ટેકનોલોજી (ICT) | 10 |
| 5 | ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા | 20 |
| | **કુલ ગુણ** | **60** |

નોંધ- ક્રમ 1 થી 4 માટે વિષયવસ્તુની કક્ષા ધોરણ 12 સુધીની રહેશે.

ક્રમ 5 નવજીવન પ્રકાશન મંદિર પ્રકાશિત ગાંધીજીની 'સંક્ષિપ્ત આત્મકથા'જે તમે નીચેની લિંક દ્વારા ડાઉનલોડ પણ કરી શકશો https://eshabda.online/navajivan/original/atmkathasgf/

નોંધ :

1. જો કોઈ વિદ્યાર્થીએ લઘુત્તમ લાયકાતની પરીક્ષા આપી હોય અને પરિણામ જાહેર ન થયું હોય તો તે વિદ્યાર્થી સંબંધિત UG/PG અભ્યાસક્રમ માટે અરજી કરી શકે છે અને GEETA માં હાજર રહી શકે છે.
2. વિદ્યાર્થી તારીખ 31 ઓગસ્ટ, 2026 સુધીમાં લઘુત્તમ લાયકાત માટેના જરૂરી દસ્તાવેજ જમા ન કરાવી શકે તો, તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે.
3. BPES, B.P.Ed., તથા M.P.Ed. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટમાંથી પસાર થવું ફરજિયાત છે.

### પરીક્ષા કેન્દ્ર :

| કચ્છ | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | | દક્ષિણ ગુજરાત | સૌરાષ્ટ્ર | |
|---|---|---|---|---|---|---|
| ભુજ | પાટણ | અમદાવાદ | ગોધરા | ભરૂચ | અમરેલી | રાજકોટ |
| | હિંમતનગર | ગાંધીનગર | બોડેલી | સુરત | ભાવનગર | સુરેન્દ્રનગર |
| | મહેસાણા | આણંદ | દાહોદ | નવસારી | જામખંભાળિયા | વેરાવળ |
| | મોડાસા | વડોદરા | | રાજપીપળા | જામનગર | |
| | પાલનપુર | | | સોનગઢ | જૂનાગઢ | |
| | | | | વલસાડ | | |
| | | | | વાંસદા | | |

અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ માટે જે-તે રાજ્યના નિયત પરીક્ષા કેન્દ્ર પર વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને તે અંગેની જાણકારી પરીક્ષાના બે દિવસ અગાઉ ઈમેલ દ્વારા આપવામાં આવશે.

ખાસ નોંધ: કોઈપણ કારણે નિશ્ચિત કરાયેલાં કેન્દ્રોમાં બદલાવ આવી શકે છે.

### GEETAનું આયોજન :

| | |
|---|---|
| કસોટીની તારીખ | 10-05-2026 (રવિવાર) |
| રિપોર્ટિંગનો સમય | 10:00 AM |
| હાજરી અને સૂચનાઓ | સવારે 10:30 થી 10:55 સુધી |
| કસોટીનો સમય | સવારે 11:00 થી 12:30 વાગ્યા સુધી |

ઉમેદવાર 08.05.2026 ને શુક્રવારના રોજ સાંજના 6:00 વાગ્યા પછી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

### યોગ્યતા યાદી :

- UG/PG/PG Diploma ના તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ CUET/GEETAને આધીન રહેશે.
- યોગ્યતા યાદી NTA દ્વારા લેવાયેલ CUET-2026 UG/PG અથવા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાયેલ પ્રવેશ પરીક્ષા (GEETA)માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.
- યોગ્યતા યાદી બનાવતી વખતે ગુણાંકને આધારે યોગ્યતા ક્રમ આપવામાં આવશે.
- CUETની યોગ્યતા યાદી અગ્રતાક્રમ આપી CUET અને GEETAના યોગ્યતા ક્રમને સળંગ ગણી યોગ્યતા યાદી બનાવવામાં આવશે.
- પ્રત્યેક અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ અનામત બેઠકોની ફાળવણી અનુસાર યોગ્યતા યાદી મુજબ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે.
- કેન્દ્ર સરકારના નિયમો અનુસાર અનામત બેઠકોની વિષય પ્રમાણે ફાળવણી કરવામાં આવશે.
- નિયત સમયપત્રક મુજબ પરામર્શનમાં ગેરહાજર રહેલા કે પ્રવેશ જતો કરેલ ઉમેદવારને જે તે સમયે ઉપલબ્ધ બેઠક હશે તો જ પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ કાર્યક્રમ-2026 અનુસાર પરામર્શન સમયે CUETનું ગુણાંકન ઉપલબ્ધ ન હોય તો, CUETના ઉમેદવારો માટે બેઠકો ઉપલબ્ધ રાખી, ગૂજરાત વિદ્યાપીઠની વર્ષ-2026ની પ્રવેશ સમિતિ વિષય પ્રમાણે નિયત કરે તેટલી બેઠકોની GEETAના યોગ્યતા યાદી મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. CUETના ગુણાંકન ઉપલબ્ધ થયેથી તે બેઠકો માટે પરામર્શન હાથ ધરવામાં આવશે. આમ છતાં બેઠકો ખાલી રહે તો GEETAના યોગ્યતા ક્રમ અનુસાર બેઠકોની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નોંધ: ઉમેદવારે પ્રવેશ અંગેની છેલ્લામાં છેલ્લી (અદ્યતન) માહિતી મેળવવા માટે સમયાંતરે ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ www.gujaratvidyapith.org જોતા રહેવું.

**સમાન યોગ્યતા સ્કોર મેળવનાર ઉમેદવારો માટે અપનાવવામાં આવેલ માપદંડ**

માપદંડ I - અંતિમ લાયકાત પરીક્ષાના ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.

માપદંડ II - અગાઉની લાયકાત પરીક્ષાના ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.

માપદંડ III - સંબંધિત વિષયના ગુણ.

માપદંડ IV - જન્મ તારીખ પ્રમાણે જેની ઉમર વધુ હશે તેને પ્રથમ તક મળશે.

નોંધ:

- ઉપરોક્ત માપદંડો લાગુ કર્યા પછી પણ, બે કે તેથી વધુ ઉમેદવારો પાસે સમાન સ્કોર હશે તો, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી પાસે અસમાનતાના નિરાકરણ માટે વિવેકાધીન સત્તા હશે. આ સંદર્ભે કુલપતિશ્રી દ્વારા લેવામાં આવેલ કોઈપણ નિર્ણય તમામ માટે માન્ય રહેશે અને યોગ્યતા નક્કી કરવા માટે અંતિમ રહેશે.
- જરૂર જણાય તો જે-તે વિદ્યાશાખામાં પ્રવેશ માટે મૌખિક પરીક્ષા લેવામાં આવશે. GEETAના 70% અને મૌખિક પરીક્ષાના 30% લેખે મેરીટ લિસ્ટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

**પરામર્શન અને પ્રવેશ પ્રક્રિયા:**

- જે ઉમેદવારોને પરામર્શન અને પ્રવેશ પ્રક્રિયા માટે બોલાવવામાં આવે તેમણે નિયત તારીખ અને સમયે ગૂજરાત વિદ્યાપીઠ પરિસર, અમદાવાદ ખાતે તમામ જરૂરી અસલ દસ્તાવેજો સાથે રેકોર્ડની ચકાસણી માટે સ્વ-પ્રમાણિત નકલ સાથે હાજર રહેવું જરૂરી છે.
- જો ડોક્યુમેન્ટ વેરિફિકેશન દરમિયાન કોઈ વિસંગતતા જોવા મળશે તો પ્રવેશ આપોઆપ રદ થશે.
- સરકાર અથવા અન્ય કોઈપણ સર્વોચ્ચ સંસ્થા તરફથી મળેલા કોઈપણ નિર્દેશોના કિસ્સામાં પ્રવેશ સમયે પરામર્શનની જગ્યા અને પદ્ધતિ બદલાઈ શકે છે.
- પરામર્શનની અને પ્રવેશની તારીખે સંબંધિત કોર્સ માટે નોંધણી ફી તથા સત્ર ફી જમા કરાવ્યાથી પ્રવેશ મળેલ ગણાશે.

**ઉમેદવારે પ્રવેશ પરામર્શન/ઈન્ટરવ્યુ સમયે લાવવાનાં જરૂરી પ્રમાણપત્રો (અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વ-પ્રમાણિત નકલો)**

- સ્નાતક પ્રવેશ માટે ધોરણ-12ની માર્કશીટ
- સ્નાતકોત્તર પ્રવેશ માટે સ્નાતકની, અનુસ્નાતક માટે સ્નાતકની પરીક્ષાની માર્કશીટ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
- પીએચ.ડી. પ્રવેશ માટે અનુસ્નાતક કક્ષાની પરીક્ષાની માર્કશીટ, UGC-NET/UGC-CSIRનું પ્રમાણપત્ર, ના-વાંધા પ્રમાણપત્ર (NoC) (પાર્ટ ટાઇમ માટે)
- આધાર કાર્ડ
- અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC), આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવાર માટે કેન્દ્ર સરકાર દ્વારા નિયત થયેલ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર
- SEBC/OBCના કિસ્સામાં કેન્દ્ર સરકાર દ્વારા નિયત થયેલ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નોન-ક્રિમીલેયર (NCL) પ્રમાણપત્ર
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં શારીરિક વિકલાંગતાનું પ્રમાણપત્ર (સિવિલ સર્જન/સક્ષમ મેડિકલ ઓથોરિટી દ્વારા જારી અને યોગ્ય રીતે સહી થયેલું)

# ફીનું માળખું :

| Sr. No. | Particulars | UG (Rs.) | PG/PG Diploma (Rs.) | Ph.D. (Rs.) |
|---|---|---|---|---|
| **A) Academic Fees** | | | | |
| 1 | Tuition Fee | 4,000 | 5,000 | 6,000 |
| 2 | RAC Fee | --- | --- | 2,000 |
| 3 | Laboratory, Instruments, Studio, Field Activities Fee (For Science, Computer, Journalism & Mass Communication, and Physical Education)* | 3,000 | 5,000 | 5,000 |
| | **Total Academic Fees** | **4,000/7,000*** | **5,000/10,000*** | **8,000/13,000*** |
| **B) Other Fees** | | | | |
| 4 | Registration Fee | 1,000 | 1,000 | 1,000 |
| 5 | Course Work Fee | --- | --- | 5,000 |
| 6 | Exam/ Thesis Evaluation Fee | 50/- per Credit | 50/- per Credit | 6,000 |
| **C) Hostel Fees** | | | | |
| | Hostel Lodging Fee | 4,000 | 4,000 | --- |
| | Hostel Food Deposit** | 15,000 | 15,000 | --- |

** Hostel Food Deposit will be settled with actual expenses.

- અભ્યાસક્રમમાં પ્રવેશ સમયે નોન-રિફંડેબલ રજીસ્ટ્રેશન (નોંધણી) ફી ચૂકવવાની રહેશે.
- પ્રથમ સત્રની ફી પ્રવેશ સુનિશ્ચિત કરતી વખતે ચૂકવવાની રહેશે. સંજોગોવશાત પ્રવેશ રદ કરવામાં આવશે તો નિયમ મુજબ ફી પરત મળવાપાત્ર થશે.
    - ઉપરોક્ત ફી ગુરુપૂર્ણિમા સત્રથી પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને લાગુ પડશે.
    - દરેક અભ્યાસક્રમમાં વધારાની ક્રેડિટ(પ્રતિ 15 કલાક)ના રૂ. 1000 લેખે ફી ગણવામાં આવશે.

**ખાસ નોંધ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર (લઘુતમ લાયકાત મુજબ) જો કોઈ વિદ્યાર્થી અભ્યાસ છોડવા માંગતા હોય તેવા કિસ્સામાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે એક વર્ષ (2 સેમેસ્ટર) પૂર્ણ કર્યા બાદ - સર્ટિફિકેટ (Certificate) અને બે વર્ષ (4 સેમેસ્ટર) પૂર્ણ કર્યા બાદ - ડિપ્લોમા (Diploma) આપવામાં આવશે. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે પ્રથમ વર્ષ (2 સેમેસ્ટર) પૂર્ણ કર્યા બાદ - અનુસ્નાતક ડિપ્લોમા (Post Graduate Diploma) આપવામાં આવશે.

- M.A. પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન અભ્યાસક્રમમાં એક વર્ષ બાદ અભ્યાસપૂર્ણ જાહેર કરનારને વિષય પસંદગી પ્રમાણે PG Diploma in Digital Media Production અથવા PG Diploma in Journalism & Mass Communication નો ડિપ્લોમા મળશે.
- M.Y.A.Sc. ના અભ્યાસક્રમમાં એક વર્ષ બાદ અભ્યાસપૂર્ણ જાહેર કરનારને PG Diploma in Yoga નો ડિપ્લોમા મળશે.
- M.Lib.I.Sc.ના અભ્યાસક્રમમાં એક વર્ષ બાદ અભ્યાસપૂર્ણ જાહેર કરનારને B.Lib.I.Sc.ની પદવી મળશે.

# પીએચ.ડી. અભ્યાસક્રમ માટેના નિયમો

### 1. પીએચ.ડી. અભ્યાસ માટે લાગુ પડતા નિયમો :

1) Regulation: યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (પીએચ.ડી. ડિગ્રી પુરસ્કાર માટે લઘુત્તમ ધોરણો અને પ્રક્રિયા) નિયમન, 2022
2) Rules: ગૂજરાત વિદ્યાપીઠ નિયમો, 2024

### 2. પ્રવેશ માટેની પ્રક્રિયા :

I. UGC- NET શ્રેણી 1 લાયકાત ધરાવતા ઉમેદવારને ઇન્ટરવ્યૂના આધારે Ph.D. માં પ્રવેશ આપવામાં આવશે.

II. UGC- NET શ્રેણી 2 અને 3 પ્રમાણે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને નેટ પરીક્ષામાં મેળવેલ ગુણના 70% વેઇટેજ અને ઇન્ટરવ્યૂમાં મેળવેલ ગુણના 30% વેઇટેજ આપવામાં આવશે.

- આમ, Ph.D. પ્રવેશ UGC-NETમાં મેળવેલ ગુણ અને ઇન્ટરવ્યૂ/વાઈવામાં મેળવેલ ગુણના સંયુક્ત મેરિટ પર આધારિત હશે.
- શ્રેણી 2 અને 3 માં ઉત્તીર્ણ ઉમેદવારોના UGC-NET માં મેળવેલા ગુણ Ph.D. પ્રવેશ માટે એક વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે એટલે કે, જૂન-2025 અથવા ડિસેમ્બર-2025ની UGC-NET/CSIR UGC-NET ઉત્તીર્ણ થનાર જ અરજી માટે લાયક ગણાશે.

### પીએચ.ડી. (પાર્ટ-ટાઇમ):

1) શૈક્ષણિક સંસ્થાઓ/સંશોધન સંસ્થાઓ સાથે પૂર્ણ-સમય કામ કરતા ઉમેદવારોને પાર્ટ-ટાઇમ મોડ દ્વારા પીએચ.ડી. કાર્યક્રમોની મંજૂરી આપવામાં આવશે.

2) આવા ઉમેદવારે જ્યાં કાર્યરત છે તે સંસ્થાના યોગ્ય અધિકારીની મંજૂરી સાથેનું આ અભ્યાસક્રમ માટે "ના વાંધા પ્રમાણપત્ર (NOC)" જમા કરવાનું રહેશે.

## અનામત બેઠકોની ફાળવણી: (કેન્દ્ર સરકારના નિયમ અનુસાર)

| | | |
|---|---|---|
| • અનુસૂચિત જાતિ (SC) | : | 15 % |
| • અનુસૂચિત જનજાતિ (ST) | : | 7.5 % |
| • સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC) | : | 27 % |

નોંધ:- 1. કુલ બેઠકના 10 % બેઠક આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે રહેશે.

2. દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો (RPWD) અધિનિયમ, 2016ની જોગવાઈઓ અનુસાર, દરેક અભ્યાસક્રમમાં 5% બેઠકો દિવ્યાંગ ઉમેદવારો માટે આરક્ષિત રહેશે.

(વિકલાંગતા ધરાવતી વ્યક્તિ" એટલે સક્ષમ તબીબી અધિકારી દ્વારા પ્રમાણિત કોઈપણ વિકલાંગતા 40 ટકાથી ઓછી ન હોય તેવી વ્યક્તિ)

# ગૂજરાત વિદ્યાપીઠની આચારસંહિતા

- **ગણવેશ :**
  પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ સુતરાઉ ખાદીનો નિયત ગણવેશ પહેરવાનો રહેશે.
- **ઉપાસના :**
  વિદ્યાર્થીએ ઉપાસનામાં નિયમિત ઉપસ્થિત રહેવાનું છે.
- **સમૂહજીવન :**
  વિદ્યાર્થીની દિનચર્યા નિયત સમૂહજીવન આધારિત રહેશે.
- **શ્રમ અને સફાઈકાર્ય :**
  વિદ્યાર્થીઓએ દરરોજ સવારે / સાંજે શ્રમ અને સફાઈકાર્યમાં જોડાવાનું રહેશે.
- **ઉદ્યોગકાર્ય :**
  દરેક વિદ્યાર્થીએ અભ્યાસના ભાગરૂપે નિયત કરેલ ઉદ્યોગકાર્ય કરવાનું રહેશે
- **કાંતણ :**
  દરેક વિદ્યાર્થીએ નિયમિતપણે રેંટિયા દ્વારા કાંતણ કરવાનું રહેશે.
- **છાત્રાલય :**
  છાત્રાલય નિવાસ સ્વૈચ્છિક છે.
- **સમતા :**
  અહીં ઉત્પીડન મુક્ત પરિસરમાં દરેક વિદ્યાર્થી પ્રત્યે સમભાવ રાખવાનો રહેશે.
- **કાર્યાનુભવ :**
  વિદ્યાર્થીએ પોતાના અભ્યાસના ભાગરૂપે આનુષંગિક કાર્યાનુભવ મેળવવાનો રહેશે.
- **ક્ષેત્રકાર્ય :**
  વિદ્યાર્થીએ વિષયને અનુરૂપ ક્ષેત્રકાર્ય કરવાનું રહેશે.
- **ગ્રામજીવન યાત્રા :**
  દરેક વિદ્યાર્થીએ નિર્ધારિત અઠવાડિક ગ્રામજીવન યાત્રામાં ભાગ લેવાનો રહેશે.

# ઓનલાઈન પ્રવેશપત્ર ભરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

- પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શિકા ડાઉનલોડ કરો અને તેને ધ્યાનથી વાંચો.
- ઓનલાઇન અરજી ફોર્મ ભરવાનું શરૂ કરતાં તમારે જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનો હોય તેને સંબંધિત તમામ સૂચનાઓ જોઈ જાઓ.
- ઓનલાઇન ફોર્મ ભરવામાં ઉતાવળ કરવી નહીં. તમારી અરજીમાં ઉતાવળમાં ભૂલ રહી જવાની તેમજ અગત્યની વિગતો અધૂરી રહી જવાની સંભાવના રહે છે.
- અરજી કરવાની છેલ્લી તારીખ સુધી રાહ જોવાની જરૂર નથી જેથી છેલ્લી તારીખે મોડા પડવાની સંભાવના ના રહે.
- તમારા નામ અને સંપર્કની વિગતો યોગ્ય રીતે ભરો. તમે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા ધોરણ-12ના ગુણપત્રક અનુસાર તમારું નામ યોગ્ય રીતે ભરો.
- ઓનલાઇન અરજીપત્રમાં તમારું જ ઈ-મેઇલ આઈડી અને તમારો જ મોબાઇલ નંબર આપવો, જેથી ભવિષ્યમાં સંપર્ક કરવામાં કોઈ મુશ્કેલી ન રહે.
- સાયબર કાફે કે અન્યની મદદથી તમારું પ્રવેશ ફોર્મ ભરવાના હોવ તો તે વિગતો સાચી અને સંપૂર્ણ ભરાય તેની ખાતરી રાખવી.
- માર્ગદર્શિકામાં સૂચવેલ યોગ્ય સાઇઝનો તમારો તાજેતરનો ફોટોગ્રાફ અપલોડ કરો.
- મોબાઇલ/આઈ-પેડ/ડિજિ-કેમનો ઉપયોગ કરીને લીધેલાં સેલ્ફી અથવા ફોટોગ્રાફ અપલોડ કરવાં નહી.
- અરજી ફોર્મ ભરવા માટે લેપટોપ અથવા ડેસ્કટોપનો ઉપયોગ કરવો હિતાવહ છે.
- બ્રાઉઝર (Google Chrome, Mozilla Firefox)ના નવીનતમ સંસ્કરણનો ઉપયોગ કરવો હિતાવહ છે.
- પ્રવેશ પ્રક્રિયા ફી ડેબિટ કાર્ડ/ક્રેડિટ કાર્ડ/નેટ બેંકિંગ/UPIના માધ્યમ પૈકી ચૂકવી શકાશે.

**નોંધ: પ્રવેશ સંબંધિત તમામ પ્રકારની પૂછપરછ માત્ર ઈ-મેઇલ admission2026@gujaratvidyapith.org દ્વારા જ કરી શકાશે.**

## પ્રવેશ સંબંધિત જાણકારી માટે સંપર્કસેતુ :

- રૂબરૂ : સવારે 09:00 થી સાંજે 4:00 દરમ્યાન
- ઈ-મેઇલ : admission2026@gujaratvidyapith.org
- વેબસાઇટ: www.gujaratvidyapith.org
- સોશિયલ મીડિયા : YouTube @gvp1920

## ગૂજરાત વિદ્યાપીઠ

આશ્રમ માર્ગ, અમદાવાદ, ગુજરાત – ૩૮૦૦૦૯
Phone: 079-27541148, 079-27540746, 079-40016200 Fax: 079-27542547
Website : www.gujaratvidyapith.org
@gvp1920